# પુનરાવર્તન (પાઠ 11થી 16

**1 નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

1. બાના હૃદયના સ્નેહનું તમારા શબ્દોમાં વર્ણન કરો.
2. નવા વર્ષના સંકલ્પોમાં લેખકે માનવીના મનની કઈ નબળાઈને કેન્દ્રમાં રાખીને હાસ્યલેખ સર્જ્યો છે ?
3. હર વખત શું માત થઈ જવું દુઃખોથી ? આ પંક્તિના જવાબમાં કવિ શું કહે છે ?
4. શું નિખિલરાયનું અંજન પ્રત્યેનું વર્તન યોગ્ય છે ? - પાઠના આધારે લખો.

**2. નીચે આપેલ ફકરામાંથી પ્રશ્નો બનાવો :**

હિંમતે મર્દા... તો મદદે ખુદા, આ કહેવતને સાર્થક કરતી પ્રવૃત્તિ એટલે સ્કાઉટિંગ - ગાઈડિંગ પ્રવૃત્તિ - તમામ પ્રવૃત્તિઓ કરતાં ભિન્ન પ્રકારની છે. દરેક પ્રવૃત્તિમાં સ્વાર્થ અને બદલાની ભાવના હોય છે. જ્યારે આ પ્રવૃત્તિમાં બદલાની ભાવના વગર નિઃસ્વાર્થ કામ કરવાની વાત છે. કોઈની આગળ હાથ લંબાવવાની વાત જ નથી. કામ કર્યે જાઓ જોવાવાળો જુએ જ છે. બદલો મળશે જ એ વાત નક્કી જ છે અને તે પ્રમાણે જ થાય છે.

**3. નીચેના શબ્દોના અર્થ આપો :**

(અ) 1. ઉવેખવું　2. ફિલસૂફી　3. હુન્નર　4. અંતેવાસી　5. મુદ્રાલેખ

(બ) નીચેના શબ્દોની જોડણીમાંના દોષો દૂર કરો :

1. પરીસ્થિતિ　2. અઠવાડીયૂં　3. પ્રતીદિન　4. જાન્યુવારિ　5. વીશ્વામીત્ર

(ક) કોઈ પણ બે વિચાર-પંક્તિઓ પાઠ્યપુસ્તક બહારથી શોધી બંનેના વિચારવિસ્તાર કરો.

(ડ) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

1. સમર્થ ................................
2. સ્ખલિત ................................
3. ઈચ્છા ................................
4. સંયુક્ત ................................
5. પ્રવૃત્તિ ................................

**4. નીચેની કાવ્યપંક્તિઓનો ભાવાર્થ લખો :**

'હોઈએ ત્યાં મ્હેકતું કરીએ બધુંયે,
ઘર, નગર, આખ્ખું જગત રળિયાત કરીએ.'